# વિશ્વ યોગ દિવસ

સમગ્ર વિશ્વમાં ૨૧ મી જૂનને યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય પરિસર" માં માનનીય કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાની ના અધ્યક્ષ સ્થાને ૨૧ જૂન, ૨૦૧૬ ના રોજ વિશ્વ યોગની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, નિયામકશ્રી (Academic) ડૉ. રવિ ગોર, નિયામકશ્રી (SHSS) કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામક (SS) ડૉ.આવા શુક્લા, યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના નિયામકશ્રીઓ , શૈક્ષણિક અધિકારીશ્રીઓ અને અધિકારી/ કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના કેન્દ્ર કોડ ઓમ ક્લિનિકના કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. વિક્રમ ઉપાધ્યાય અને તેમની ટીમ હાજર રહી યોગ અંગે માર્ગદર્શન આપી યોગ કરવામાં સહાયતા પૂરી પાડી હતી.

આ કાર્યક્રમ સારી રીતે થાય તે માટે ૧૮ અને ૨૦ જૂન, ૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન યોગ પ્રશિક્ષકો દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તમામ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીએ આનંદ અને ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન એક્ષટેશન એક્ટીવીટી દ્વારા યુનિવર્સિટીના કેન્દ્ર ઓમ ક્લિનિકના સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવેલ.








